# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડિશન: ગ્રેડ ૫એથ સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન: (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર: (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail:
exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


## અગત્યનો પરિપત્ર

**વિષય:** એપ્રિલ/મે-૨૦૨૨માં યોજાનાર વિવિધ ફેકલ્ટીની પરીક્ષા બાબતે ખાસ ધ્યાનમા રાખવાના મુદ્દા.

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/વિભાગીય વડાશ્રીઓ/ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓને ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે જણાવવાનું કે એપ્રિલ/મે-૨૦૨૨માં વિવિધ ફેકલ્ટીની યુનિવર્સિટી પરીક્ષા યોજાનાર છે. જેમાં (Covid-19)ની કોરોના મહામારીની પરિસ્થિતીને ધ્યાનમાં રાખતા સાવચેતીના ભાગ રૂપે ગુજરાત રાજ્યની ગાઇડલાઇન્સ નું પાલન કરવાનું રહેશે. આગામી એપ્રિલ/મે-૨૦૨૨ થી યોજાનાર તમામ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧. પરીક્ષા કેન્દ્રો ખાતે સેનેટાઇઝેશન અંગે પરીક્ષા કેન્દ્રનાં કો-ઓર્ડિનેટરે તકેદારી રાખવાની રહેશે.
૨. ઓક્સિમીટર અને થર્મલ ગનની ખરીદી પેટે પરીક્ષા સેન્ટરને રૂપિયા ૨૭૦૦/- ચૂકવણી કરવામાં આવશે નહિ.
૩. પ્રેક્ટીકલ પરીક્ષા જે તે કોલેજ/વિભાગ દ્વારા વિકેન્દ્રિકરણ અનુસાર યોજવાની રહેશે.
૪. અનુસ્નાતક કક્ષાએ વાઇવા ની પરીક્ષા માટે હવે પછી જાણ કરવામાં આવશે.
૫. BBA (HM) અને BBA (TTM)માં છઠ્ઠાં સેમેસ્ટરના કોમ્પ્રેહેન્સીવ વાઇવાની પરીક્ષા માટે હવે પછી જાણ કરવામાં આવશે.
૬. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ (મેડીકલ/પેરામેડીકલ/ આર્કિટેક્ચર/બી.એચ.એમ.એસ./ઇન્ટીરીયર ડિઝાઇન સિવાયની) પરીક્ષાનું માળખું ૦૨ કલાક પ્રમાણેનું જ રહેશે.
૭. મેડીકલ/પેરામેડીકલ/ આર્કિટેક્ચર/બી.એચ.એમ.એસ./ઇન્ટીરીયર ડિઝાઇન પરીક્ષાનો સમયગાળો તેમજ પરીક્ષાનું માળખું જુની પ્રથા મુજબ યથાવત રહેશે.
૮. કોરોનાની મહામારીને ધ્યાને લઇ સ્નાતક કક્ષાની પરીક્ષાનું કેન્દ્ર વિદ્યાર્થીઓની સંખ્યા તથા બેઠક વ્યવસ્થા ને ધ્યાને રાખી જે તે કોલેજમાં ફાળવવામાં આવશે.
૯. કોરોના મહામારીને ધ્યાને લઇ ઉત્તરવહી આખી તપાસવામાં આવતી હતી. જેને બદલે હવે માર્ચ/એપ્રિલ-૨૦૨૨થી પરીક્ષક દ્વારા અગાઉની પ્રથા મુજબ જે તે ફેકલ્ટીમાં પ્રશ્ન વાઇઝ ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરવામાં આવતું હતું તે મુજબની જૂની પ્રથા આનુસાર કરવાનું રહેશે.
૧૦. સેન્ટ્રલ એસેસમેન્ટ દ્વારા ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે.
૧૧. કોરોના મહામારીને ધ્યાને લઇ B.Com./BBA All Semester, નાં બદલે માત્ર VI-Semester માં તેમજ B.Sc./BCA VI-Semester મા મોડરેશન રાખવામાં આવશે.
૧૨. સ્નાતક કક્ષાની IV & VI Semester સેમેસ્ટરની તથા અનુસ્નાતક કક્ષાની III & IV Semester સેમેસ્ટરની યુનિવર્સિટી પરીક્ષાઓ એકેડેમીક વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ ટર્મશીડ્યુલ પ્રમાણે તારીખ : ૦૪/૦૪/૨૦૨૨ થી યોજવામાં આવશે. અને તદ્અનુસાર તેઓની ઇન્ટરનલ પરીક્ષાનું (ઓફલાઇન) આયોજન કરવાનું રહેશે.
૧૩. સ્નાતક કક્ષાની II-Semesterની તથા અનુસ્નાતક કક્ષાની I-Semester & II-Semester ની યુનિવર્સિટી પરીક્ષાઓ એકેડેમીક વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ ટર્મશીડ્યુલ પ્રમાણે તારીખ : ૨૫/૦૪/૨૦૨૨થી યોજાશે.

નંબર: ઈ-૩/ 5495
તારીખ: ૨૮/૦૨/૨૦૨૨
વલ્લભ વિદ્યાનગર

કાર્યકારી કુલસચિવ

નકલ સવિનય રવાના:

૧. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કક્ષાના વડાશ્રીઓ/ ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.
૨. ડાયરેક્ટરશ્રી, જી.એચ. પટેલ કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિવર્સિટી વેબસાઇટ તથા મોબાઇલ એપમાં અપલોડ કરવા સારૂ.